ને.હા. 48 ઉપર ખોટા દસ્તાવેજ રજુ કરનાર ગાડી ચાલક પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે

# 01 એપ્રિલ-2026 થી ટોલ પ્લાઝા પર રોકડમાં ચુકવણી કરવાનું બંધ કરી દેવામાં આવશે

**FASTtag** થી અથવા UPI જેમકે ગૂગલ પે, ફોન પે તેમજ અન્ય કોઇ UPI એપ્લિકેશન થી જ પેમેન્ટ વસુલવામાં આવશે




(પ્રતિનિધિ) વડોદરા, તા.11

અમદાવાદ વડોદરા નેશનલ હાઈવે ને.હા. ૪૮ ઉપર આવેલ વાસદ તેમજ ખેડા ટોલના લાયઝન મેનેજર તેમજ ટોલ મનેજર દ્વારા જણાવવામાં આવેલ છે કે હાલમાં કેટલીક ગાડીવાળા ટોલ માંથી પસાર થવા માટે જરૂરી પુરાવા ડુપ્લીકેટ બતાવવાનો પ્રયાસ કરે છે (પરંતુ ટોલમાં જે સરકારી હોદ્દેદારો અથવા સબંધિત વાહનોને મુક્તિ આપવામાં આવી છે તે પણ NHAI ના પરિપત્ર મુજબ આપવામાં આવી છે તે મુક્તિ પણ ફાસ્ટગ ના માધ્યમ થી જ ઉપલબ્ધ છે ભારત સરકારની ટોલ વસૂલીમાં નુકસાન ન થાય તે હેતુથી જો ગાડી ચાલક ખોટા દસ્તાવેજ, જેવાં કે ગાડીની RC બુક, બીજી વ્યક્તિનું આધાર કાર્ડ અથવા કોઈ રહેઠાણ પ્રૂફ ટોલ પ્લાઝા પર રજૂ કરે છે અને તે ડોક્યુમેન્ટ ફરજી સાબિત થશે તો તુરંત તેની માહિતી પોલીસમાં આપી તેની પર કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે અને જુના રેકોર્ડ મુજબ ટોલને થયેલું નુકસાનની પણ ભરપાઈ/ વસુલાત કરાવવામાં આવશે. (જે તે વાહનના વર્ગ વાર અને દર મુજબ ) , જેથી ભારત સરકાર ના રાજસ્વમાં નુકસાન થતું અટકાવી શકાય. વધુમા ભારત સરકારના માર્ગ અને પરિવહન મંત્રાલય દ્વારા ભારતીય રાષ્ટ્રીય રાજમાર્ગને આદેશ આપવામાં આવેલ છે કે આગામી તારીખ ૦૧ એપ્રિલ ૨૦૨૬ થી ટોલ પ્લાઝા પર રોકડમાં ચુકવણી કરવાનું બંધ કરી દેવામાં આવશે જો તમારે ટોલ પ્લાઝા પરથી પસાર થવું હોય તો તમારી ગાડી માં FASTag થી અથવા UPI જેમકે ગૂગલ પે, ફોન પે તેમજ અન્ય કોઈ UPI એપ્લિકેશન થી જ પેમેન્ટ વસુલવામાં આવશે. ઉપરોક્ત બાબત ના અનુસંધાન માં ટોલ પ્લાઝા અધિકારો દ્વારા પોલિસ સ્ટેશન માં પત્ર પણ રજુ કરવામાં આવેલ છે તેમજ પોલીસ નો સહયોગ હંમેશા સકારાત્મક રહયો છે

બીસીએ ચૂંટણીની મતગણતરીમાં વિલંબ !

# હોલની પસંદગી છ દિવસ પછી મત ગણતરી થશે

**મંગળવારે** કોર્ટમાં સુનાવણી બાદ બીસીએનું એક જૂથ મતગણતરી કરવા રજૂઆત કરશે

**ચૂંટણીમાં** ભાગ લેનારા મોટાભાગના ઉમેદવારોની હવે મતગણતરી વહેલી તકે કરવામાં આવે તેવી માંગ

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

બરોડા ક્રિકેટ એસોસિએશનની ચૂંટણીની મતગણતરી હોલની પસંદગી થયા બાદ આગામી છ દિવસ બાદ તારીખ 27 થી 29 મી માર્ચ વચ્ચે કોઈપણ દિવસ દરમિયાન થવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. જો કે એક જૂથના સભ્યે આ મામલે મત ગણતરી થાય તે માટે રજૂઆત કરવાના છે. આ અંગે નિષ્ણાંતોની સાથે ચર્ચા પરામર્શ બાદ કહેશે તે મુજબની કાર્યવાહી કરવામાં આવશે. જોકે, ચૂંટણી અધિકારી મત ગણતરીની તારીખ જાહેર કરી દેશે તો પછી રજૂઆત કરવાનું ટાળીશું.

બરોડા ક્રિકેટ એસોસિએશનના ચાર ઉમેદવારોને વડી અદાલતે ગેર લાયક ઠેરવવાનો નિર્ણય કરતા ભારે હલચલ મચી ગઈ હતી. જો કે, જે બાદ બીસીએ ના સીઈઓ અને ખજાનચી અમદાવાદ પહોંચ્યા હતા અને બાદમાં બીજા દિવસે ચૂંટણી અધિકારી સાથે સહાયક ચૂંટણી અધિકારી પણ કાયદાના નિષ્ણાંતોની મુલાકાત લીધી હતી. જ્યાં બીસીએના ચૂંટણી અધિકારીઓએ ચુકાદાની વિસ્તૃત સ્પષ્ટ લેખિત સમજ આપવા માટે અનુરોધ પણ કર્યો હતો અને ત્યારબાદ લેખિત સુચના મળ્યા બાદ આગળની કાર્યવાહી કરવા માટે બીસીએના ચૂંટણી અધિકારીઓએ નિર્ણય કર્યો હતો. બીજી તરફ ચૂંટણીમાં ભાગ લેનારા મોટાભાગના ઉમેદવારો હવે મતગણતરી વહેલી તકે કરવામાં આવે તેવી માંગ કરવામાં આવી રહી છે. કેટલાક ઉમેદવારોનું માનવું છે કે, પરિણામ જાહેર થવાથી જ તમામ અનિશ્ચિતતા દૂર થશે અને એસોસિએશનમાં સ્થિરતા આવશે. જ્યારે એક જૂથના ઉમેદવારો દ્વારા જણાવાયું છે કે, જો જરૂરી હોય તો તેઓ કાયદાકીય માર્ગ પણ અપનાવવા માટે તૈયાર છે. બીસીએ ના રોયલ સત્યમેવ જૂથના સૂત્રોએ કહ્યું હતું કે, ચૂંટણી બાદ હવે મત ગણતરી થાય તે માટે રજૂઆત કરવાના છે. આ અંગે નિષ્ણાંતોની સાથે ચર્ચા કરવામાં આવી રહી છે. કાનૂની નિષ્ણાંતો કહેશે તે મુજબની કાર્યવાહી કરવામાં આવશે. જો કે ચૂંટણી અધિકારી મત ગણતરીની તારીખ જાહેર કરી દેશે તો પછી અમે રજૂઆત કરવાનું ટાળીશુ. ડો.બેન્કરે જણાવ્યું હતું કે, કાઉન્ટિંગ તો કરવું જ પડશે પરંતુ એક ચોક્કસ તારીખ આપવામાં આવી નથી. મંગળવારે કોર્ટમાં હીયરિંગ છે. જો પછી લાગશે એવું તો અમે રજૂઆત કરીશું કે મત ગણતરી હવે કરાવી દો.

ફર્નિચરનું કામ કરવા આવેલા કામદાર પર આશંકા

# વાઘોડિયા રોડ પર આવેલા ડુપ્લેક્ષમાંથી રૂ.6.69 લાખની ચોરી

(પ્રતિનિધિ) વડોદરા, તા.11

બેડરૂમના કબાટમાંથી બે સોનાની બંગડી અને વીંટી સહિતની મતા લઈ ચોર ફરાર, મંજુસર પોલીસે તપાસ આરંભી પ્રતિનિધિ વડોદરા તારીખ 21 વડોદરા જિલ્લાના વાઘોડિયા રોડ પર અણખોલ ગામ નજીક આવેલા શિવમ ડુપ્લેક્ષમાં તસ્કરોએ હાથ ફેરો કર્યો છે. મકાનમાં ફર્નિચરનું કામ કરવા માટે આવેલા કામદાર પર ચોરી અંગેની શંકા હોય મકાન માલિકે ફરિયાદ નોંધાવી છે. મંજુસર પોલીસે એસીસીટી ફૂટેજ ના આધારે તસ્કરનું પગેરું મેળવવા તજવીજ હાથ ધરી છે.

વડોદરા જિલ્લાના અણખોળ ગામે આવેલા શિવમ ડુપ્લેક્ષમાં રહેતા ઉરેન રાકેશકુમાર મિસ્ત્રીએ મંજુસર પોલીસ સ્ટેશનમાં સત્તાવાર ફરિયાદ નોંધાવેલી ફરિયાદ મુજબ તેમના ઘરે ફર્નિચરનું કામ કરવા માટે દેવ નામનો વ્યક્તિ આવ્યો હતો.

કામ દરમ્યાન તેને મકાનની અંદરની રૂમમાં કઈ વસ્તુઓ ક્યા મુકેલી છે તેની માહિતી મેળવી લીધી હતી. તેમણે શંકા વ્યક્ત કરી છે કે, આ કામદાર અથવા તેની સાથે સંકળાયેલા કોઈ અન્ય વ્યક્તિએ ચોરીને અંજામ આપ્યો હોઈ શકે છે તેવી શક્યતા મકાન માલિકે વ્યક્ત કરી છે. મકાનના બેડરૂમમાં રાખવામાં આવેલા કબાટના ડ્રોઅરમાં મુકેલી બે સોનાની બંગડી અને વીંટી સહિત રુપિયા 6.69 લાખની માલમત્તાની ચોરી કરીને તસ્કર રફુચક્કર થઈ ગયો હતો. ચોરીની ઘટના બાદ કામદાર સ્થળ પરથી ફરાર થઈ ગયો હોય તેના પર શંકા કરવામાં આવી રહી હોવાનું જાણવા મળી રહ્યું છે. ચોરીની જાણ થતાં જ પરિવારે આસપાસ તપાસ હાથ ધરી હતી, પરંતુ કોઈ વસ્તુ ન મળતાં અંતે પોલીસના દ્વાર ખખડાવ્યા છે.

મંજુસર પોલીસ સ્ટેશનમાં આ મામલે IPC કલમ 317 હેઠળ ગુનો નોંધવામાં આવ્યો છે. પોલીસે ફરિયાદના આધારે આરોપીની શોધખોળ શરૂ કરી છે અને નજીકના વિસ્તારોના CCTV ફૂટેજ પણ ચકાસવામાં આવી રહ્યા છે. આ ઉપરાંત, કામદાર દેવની અગાઉની વિગતો પણ તપાસવામાં આવી રહી છે.

## અંકલેશ્વર પંથકમાં મીની વાવાઝોડાથી ચીકુ પાકને વ્યાપક નુકસાનની ભીતિ

(પ્રતિનિધિ) અંકલેશ્વર, તા.21

અંકલેશ્વર પંથકમાં તાજેતરમાં ફૂંકાયેલા મીની વાવાઝોડાએ ચીકુવાડીઓમાં ભારે વિનાશ સર્જ્યો છે. અચાનક ફૂંકાયેલા તીવ્ર પવનના કારણે ચીકુના ઝાડ પરથી ટપોટપ ફળ ખરી પડતાં ખેડૂતોને વ્યાપક આર્થિક નુકસાન ભોગવવું પડ્યું છે. ખાસ કરીને ચીકુના પાકને મોટાપાયે નુકસાન થયું છે. ઘણા વિસ્તારોમાં 80 ટકાથી વધુ પાક બરબાદ થયો હોવાનું ખેડૂતો જણાવી રહ્યા છે. જમીન પર પડેલા ચીકુ ફાટી જતાં વેચાણયોગ્ય ન રહેતાં ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું છે.ચાલુ વર્ષે ચીકુનો મબલખ પાક આવ્યો હોવાથી ખેડૂતો સારી આવકની આશા રાખી રહ્યા હતા, પરંતુ માર્ચ મહિનામાં આવેલા આ અણધાર્યા પવન તોફાને તમામ આશાઓને ચકનાચૂર કરી દીધી છે. હાલ ચીકુવાડી ધરાવતા ખેડૂતો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે.

રહેણાંક અને કોમર્શિયલ વિસ્તારમાં અફરાતફરીનો માહોલ સર્જાયો

# જેતલપુર રોડ પર જ્વેલર્સના શો-રૂમમાં ભીષણ આગ, ફાયર બ્રિગેડની સતર્કતાથી મોટી દુર્ઘટના ટળી

**શોર્ટ** સર્કિટના કારણે આગ લાગી હોવાની પ્રાથમિક આશંકા, કોઇ જાનહાનિ નહીં



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

વડોદરાના જેતલપુર રોડ પર આવેલી ડાયમોરિવો જ્વેલર્સની દુકાનમાં આજ રોજ અચાનક આગ ફાટી નીકળતા સમગ્ર વિસ્તારમાં ભારે દોડધામ મચી ગઈ હતી. ધોળા દિવસે લાગેલી આ આગને પગલે આસપાસના વેપારીઓ અને સ્થાનિકોમાં ફફડાટ વ્યાપી ગયો હતો. જોકે, ઘટનાની જાણ થતા જ વડોદરા ફાયર વિભાગે પળવારનો પણ વિલંબ કર્યા વિના સ્થળ પર પહોંચી આગ પર કાબૂ મેળવતા મોટી હોનારત ટળી હતી. પ્રાપ્ત વિગતો અનુસાર, જેતલપુર રોડ પર આવેલી ડાયમોરિવો જ્વેલરી શોપમાં અચાનક ધુમાડા નીકળવા લાગ્યા હતા. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કર્યું હતું અને દુકાનની અંદર કિંમતી ફર્નિચર અને અન્ય સામાન લપેટમાં આવી ગયો હતો.

રસ્તા પરથી પસાર થતા લોકો અને દુકાનના કર્મચારીઓએ તાત્કાલિક બહાર દોડી આવી ફાયર બ્રિગેડને જાણ કરી હતી.

આગની ગંભીરતાને જોતા વડોદરા ફાયર વિભાગની ટીમ અત્યાધુનિક સાધનો અને ફાયર ટેન્ડરો સાથે ઘટના સ્થળે ધસી આવી હતી. ફાયર ફાઈટરોએ ચારેબાજુથી પાણીનો મારો ચલાવી આગને વધુ પ્રસરે તે પહેલાં જ કાબૂમાં લઈ લીધી હતી. જેતલપુર રોડ પર ગીચતા હોવા છતાં ફાયર ટીમે અત્યંત કુશળતાપૂર્વક કામગીરી કરી હતી, જેના કારણે આસપાસની અન્ય દુકાનો કે ઉપરના માળે આગ ફેલાતી અટકી હતી.

સદનસીબે આ દુર્ઘટનામાં કોઈ જાનહાનિ થઈ નથી, જે ખૂબ જ રાહતના સમાચાર છે. જોકે, જ્વેલર્સની દુકાનમાં રહેલા ફર્નિચર, ઈલેક્ટ્રિક વાયરિંગ અને અન્ય સાધન-સામગ્રીને વ્યાપક નુકસાન થયું હોવાનું અનુમાન છે. પ્રાથમિક દ્રષ્ટિએ આગ લાગવાનું કારણ શોર્ટ સર્કિટ હોવાનું માનવામાં આવી રહ્યું છે, પરંતુ ચોક્કસ કારણ જાણવા માટે તપાસ હાથ ધરવામાં આવી છે.

હિન્દુ નૂતન વર્ષની ભવ્ય ઉજવણી કરવામાં આવી

# કાયાવરોહણ લકુલીશ ધામમાં લોકડાયરાનું આયોજન કરાયું

(પ્રતિનિધિ), વડોદરા. તા.21




વડોદરા જિલ્લાના સુપ્રસિદ્ધ તીર્થધામ કાયાવરોહણ ખાતે આવેલા લકુલીશ ધામમાં ચૈત્ર સુદ એકમ એટલે કે ભારતીય નવ વર્ષ (સંવત્સર) નિમિત્તે વિવિધ મંગલમય ધાર્મિક કાર્યક્રમોનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું. સનાતન ધર્મની પરંપરાઓ મુજબ, આ દિવસે બ્રહ્માજીએ સૃષ્ટિના સર્જનની શરૂઆત કરી હતી અને ભગવાન શ્રી રામનો રાજ્યાભિષેક પણ આ જ પવિત્ર તિથિએ થયો હતો. આ પર્વ નિમિત્તે આયોજિત અનુષ્ઠાનોમાં દેવી પૂજન, ગૌ પૂજન, યજ્ઞ અને કુમારિકા પૂજન મુખ્ય આકર્ષણ રહ્યા હતા. વડોદરા અને ગુજરાતના વિવિધ ગામોના શ્રદ્ધાળુઓ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર જોડાયા હતા. આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ્ય સનાતન સંસ્કૃતિને પુનઃસ્થાપિત કરવાનો અને સમાજમાં ચૈત્ર પ્રતિપદાનું મહત્વ વધારવાનો છે. વિશેષ આકર્ષણ તરીકે પ્રખ્યાત લોકગાયક બહાદુરભાઈ ગઢવી દ્વારા લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું, જેમાં દેવી-દેવતાઓની આરાધના અને સંસ્કૃતિના ગીતો પીરસવામાં આવ્યા હતા. ઉપસ્થિત તમામ ભક્તો માટે મહાપ્રસાદની પણ સુંદર વ્યવસ્થા કરવામાં આવી હતી. આ મંગલમય આયોજન દ્વારા નવી પેઢીમાં પોતાની સંસ્કૃતિ પ્રત્યે જાગૃતિ આવે તેવો સંદેશ આપવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ માં વાઘોડિયાના ધારાસભ્ય ધર્મેન્દ્ર સિંહ વાઘેલા, કરણી સેના ના રાષ્ટ્રિય અધ્યક્ષ રાજ શેખાવત, સહિત ધર્મ પ્રેમી અને હિન્દુ ગુરુકુળ ના બાળકો હાજર રહ્યા હતા.

CCTVમાં ટ્રેનમાં બેઠા હોવાનું ફૂટેજ

# ઝાડેશ્વરમાં શિવાલિક એવેન્યુ સોસાયટીના પાર્કમાંથી 12 વર્ષીય બાળક ગાયબ

(પ્રતિનિધિ) ભરૂચ, તા.21

ઝાડેશ્વરના ઓસારા રોડ સ્થિત શીવાલીક એવેન્યુ સોસાયટીમાંથી 12 વર્ષીય બાળક ગાયબ થયાનો બનાવ સામે આવ્યો છે. બાળકના પિતા શિવપ્રકાશ દ્વિવેદીએ ભરૂચ સી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં FIR નોંધાવી છે. ઝાડેશ્વર શિવાલિક એવેન્યુ સોસાયટીમાં રહેતા શિવપ્રકાશ ઉમાશંકર દ્વિવેદી ઝઘડિયા GIDCમાં આવેલ કોલ્હર કંપનીમાં નોકરી કરે છે. તેઓ તા-20 માર્ચે નોકરી પરથી પરત ફર્યા બાદ તેમનો નાનો દીકરો વિનાયક ઘરે ન દેખાયો હતો. તેમની પત્નીને પૂછ્યું કે વિનાયક ક્યા છે.!! તેનો જવાબ મળ્યો કે ઘરેથી અન્ય છોકરા સાથે સોસાયટી પાર્કમાં રમતો હતો.એમ જણાવતા તેઓ જોવા નીકળ્યા.ત્યારે



વિનાયક દેખાયો નથી.અંતે તેઓમાં ચિંતા જન્મી હતી. સાંજે 7 વાગ્યે ઘરે પરત ફરતાં જ તેમણે દીકરો ન મળતાં પત્નીને પૂછપરછ કરી હતી. ત્યારબાદ સોસાયટી, પાર્ક અને આજુબાજુના વિસ્તારમાં શોધખોળ કરવામાં આવી હતી. વિનાયક સાથે રમતા એક છોકરા આદિત્યે જણાવ્યું હતું કે વિનાયક "મુંબઈ જાઉં" તેવું બોલતો હતો. આ માહિતીના આધારે પરિવારજનોએ ભરૂચના બસ સ્ટેશન અને રેલવે સ્ટેશન ખાતે તપાસ કરી હતી.

માંજલપુર વિસ્તારમાં આવેલા બે મંદિરોમાં થઈ ગઈ ચોરીના ભેદ ઉકેલાયા

# દાનપેટીમાંથી રોકડ રકમની ચોરી કરનાર બે આરોપી ઝડપાયા, એક આરોપી વોન્ટેડ

(પ્રતિનિધિ) વડોદરા, તા. 21

વડોદરા શહેરના માંજલપુર વિસ્તારમાં છેલ્લા ઘણા સમયથી મંદિરોમાં વધતી ચોરીની ઘટનાઓને લઈને પોલીસ માટે પડકાર ઉભો થયો હતો. આ વચ્ચે માંજલપુર પોલીસે સઘન તપાસ અને પેટ્રોલિંગના આધારે મહત્વપૂર્ણ સફળતા મેળવી છે.



પોલીસે મંદિર ચોરીના કેસમાં બે આરોપીઓને દાનપેટી સાથે ઝડપી પાડયા છે. પોલીસ કમિશ્નર નરસિમ્હા કોમાર દ્વારા વડોદરા શહેરના વિવિધ થયેલી ચોરીના ભેદ ઉકેલી નાખવાની સૂચનાઓ આપવામાં આવી હતી. જેથી શહેરમાં વધતા મિલકત સંબંધિત ગુનાઓને અટકાવવા પોલીસ દ્વારા કામગીરી હાથ ધરવામાં આવી હતી. માંજલપુર વિસ્તારમાં વિવિધ સોસાયટીઓમાં રાત્રિના સમયે ત્રણ મંદિરોને નિશાન બનાવી ચોરીને અંજામ આપ્યો હતો. ત્યારે પોલીસ દ્વારા સીસીટીવી ફૂટેજના આધારે તપાસ સાથે પેટ્રોલિંગ પણ વધારવામાં આવ્યું હતું.

શુક્રવારે જ્યુપીટર ચાર રસ્તા નજીક સીસીટીવીમાં દેખાતા શંકાસ્પદ ચાર ઈસમોમાંથી બે જણને પોલીસે ઝડપી પાડ્યા હતા.

આરોપી આકાશ ભગવાન વારકે (રહે. જ્યુપીટર ચાર રસ્તા પાસે, વડસર રોડ) અને રાહુલ પ્રફુલ રાઠોડ (રહે. શિવરામનગર, અલવાનાકા, માંજલપુર)ની ધરપકડ કરી આગળની કાર્યવાહી હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે આકાશ વારકે વિરુદ્ધ અગાઉ પણ ચોરી સહિતના ગુનાઓ નોંધાયેલા હોવાનું પોલીસ તપાસમાં સામે આવ્યું છે. આ કેસમાં સામેલ ત્રીજો આરોપી અનિલ ઉર્ફે પીન્ટ લક્ષ્મણ બાવીસ્કરને વોન્ટેડ જાહેર કરી તેને ઝડપી પાડવા તજવીજ હાથ ધરી છે.

પણ સંસ્કારી નગરીનું તંત્ર ઘોર નિંદ્રામાં

# વડોદરાનું વહીવટીતંત્ર 'કોમા'માં ? રાજ્યભરમાં ચૂંટણીનો ધમધમાટ

**લોકશાહીના** પર્વ પર તંત્રની 'આળસ'નું ગ્રહણ, ગુજરાતના અન્ય તમામ મહાનગરોમાં મતદાર યાદી પ્રસિદ્ધિની તારીખો જાહેર થઇ ચૂકી છે, પરંતુ વડોદરાનું તંત્ર હજુ પણ કોઈ સ્પષ્ટતા કરી શક્યું નથી



(પ્રતિનિધિ) વડોદરા, તા.21

ગુજરાતના રાજકીય ફલક પર અત્યારે મહાનગરપાલિકાઓની ચૂંટણીનો માહોલ ગરમાયો છે. રાજ્યના અન્ય તમામ મહાનગરો જેમ કે અમદાવાદ, સુરત, રાજકોટમાં મતદાર યાદી પ્રસિદ્ધિની તારીખો અને કાર્યક્રમો જાહેર થઈ ગયા છે. રાજકીય પક્ષો મેદાને પડ્યા છે અને મતદારો પોતાની વિગતો ચકાસવા આતુર છે. પરંતુ, આશ્ચર્ય અને આઘાતની વાત એ છે કે વડોદરાનું મ્યુનિસિપલ ઈલેક્શન તંત્ર જાણે કોઈ અલગ જ ગ્રહ પર જીવી રહ્યું હોય તેમ સાવ નિષ્ક્રિય જણાય છે. જ્યારે અન્ય શહેરોમાં તંત્ર યુદ્ધના ધોરણે કામ કરી રહ્યું છે, ત્યારે વડોદરાના ઈલેક્શન ઓફિસર પાસે "કોઈ માહિતી નથી" એવો લૂલો બચાવ સાંભળવા મળી રહ્યો છે. આ માત્ર માહિતીનો અભાવ નથી, પણ વડોદરાના લાખો મતદારોની જાગૃતિ પર તંત્ર દ્વારા મારવામાં આવેલો લપડાક છે. ચૂંટણી પંચના નિયમો અને સમયમર્યાદા શું માત્ર અન્ય શહેરો માટે જ છે ? વડોદરાના અધિકારીઓને કઈ વાતની રાહ છે ?

* અન્ય મહાનગરોમાં જાહેરાત થઈ ગઈ તો વડોદરામાં કેમ નહીં ? શું વડોદરાનું તંત્ર રાજ્ય ચૂંટણી પંચથી અલગ ચાલે છે ?

* ઈલેક્શન ઓફિસર જેવી જવાબદાર પોસ્ટ પર બેઠેલા વ્યક્તિ પાસે માહિતી ન હોવી એ વહીવટી ક્ષમતા સામે મોટું પ્રશ્નાર્થ ચિન્હ છે.

* નવા મતદારો, ખાસ કરીને યુવા પેઢી, જેઓ પ્રથમવાર મતાધિકારનો ઉપયોગ કરવા માંગે છે, તેઓ યાદીની રાહ જોઈને બેઠા છે. તંત્રની ઢીલી નીતિથી તેમનો ઉત્સાહ મરી રહ્યો છે.

* જો મતદાર યાદી જેવી પાયાની બાબતમાં આટલો વિલંબ હોય, તો પ્રત્યક્ષ મતદાન સમયે તંત્ર કેટલી 'ચપળતા' દાખવશે તે સમજી શકાય તેમ છે.

* લોકશાહીમાં પ્રક્રિયા પારદર્શક હોવી જોઈએ, પરંતુ વડોદરામાં બધું જ 'ગુપ્ત' રાખવામાં આવી રહ્યું છે અથવા તો કોઈ આયોજન જ નથી. વડોદરા હંમેશા પોતાની જાગૃતિ માટે જાણીતું રહ્યું છે, પરંતુ અત્યારનું વહીવટી માળખું અત્યંત લાપરવાહ સાબિત થઈ રહ્યું છે. મહાનગર પાલિકાની ચૂંટણીની તારીખો ગમે ત્યારે જાહેર થઈ શકે તેમ છે, ત્યારે છેલ્લી ઘડીએ દોડધામ કરીને ભૂલો ભરેલી મતદાર યાદી પધરાવી દેવાના કારસા તો નથી ને ? તેવી આશંકા પણ જાગૃત નાગરિકોમાં સેવાઈ રહી છે. તંત્રની આ ઘોર બેદરકારી માત્ર વહીવટી નિષ્ફળતા નથી, પણ મતદારોના લોકશાહી અધિકાર પ્રત્યેનો અનાદર છે. જો અન્ય મહાનગરો સજ્જ હોય, તો વડોદરા કેમ પાછળ ? વડોદરાના કલેક્ટર અને મ્યુનિસિપલ કમિશનરે તાકીદે આ બાબતે ખુલાસો કરવો જોઈએ અને ઊંઘતા તંત્રને ઢંઢોળવું જોઈએ. જો સમયસર સત્તાવાર માહિતી અને યાદી પ્રસિદ્ધ નહીં થાય, તો આ મામલો ઉચ્ચ કક્ષાએ પહોંચતા વાર નહીં લાગે. વડોદરાની જનતા હવે 'જવાબ' માંગી રહી છે, 'બહાના' નહીં.

ભારતમાં પ્રેક્ટિસ શરૂ કરતાં પહેલા ક્લિનિકલ ક્લાર્કશિપ પૂર્ણ કરવી પડશે

# વિદેશમાંથી MBBS કરનાર ગ્રેજ્યુએટ માટે NMC દ્વારા નવા નિયમો જાહેર

(પ્રતિનિધિ) વડોદરા, તા.21

નેશનલ મેડિકલ કમિશન દ્વારા વિદેશમાંથી એમબીબીએસ પૂર્ણ કરનાર વિદેશી મેડિકલ ગ્રેજ્યુએટ માટે નવા નિયમો જાહેર કરવામાં આવ્યા છે. ઓનલાઈન અભ્યાસ કરનાર વિદ્યાર્થીઓએ ભારતમાં પ્રેક્ટિસ શરૂ કરતાં પહેલાં ફરજિયાત ક્લિનિકલ ક્લાર્કશિપ પૂર્ણ કરવી પડશે. કોવિડ અને યુક્રેનના યુદ્ધ જેવી પરિસ્થિતિઓમાં વિક્ષેપ પડેલા અભ્યાસને લઈને આ નિર્ણય લેવામાં આવ્યો છે. ઓનલાઈન મેડિકલ એજ્યુકેશન વાસ્તવિક ક્લિનિકલ એક્સપોઝરનું સ્થાન લઈ શકે નહીં. ખાસ કરીને અંતિમ વર્ષ અથવા તેનાથી પહેલાના વર્ષોમાં ઓનલાઈન ક્લાસ લીધા હોય તેવા વિદ્યાર્થીઓએ આ અંતરને ભરવા માટે ભારતની હોસ્પિટલોમાં સુપરવાઇઝ્ડ તાલીમ લેવી પડશે. જે તાલીમમાં વિદ્યાર્થીઓ ડોક્ટરો સાથે કામ કરીને દર્દીઓની સારવાર પ્રેક્ટીકલ કૌશલ્ય અને ક્લિનિકલ અનુભવ મેળવશે. તાલીમનો સમયગાળો ઓનલાઈન અભ્યાસના તબક્કામાં અને અવધી પર આધારિત રહેશે. વધુ ક્લિનિકલ વર્ષો ઓનલાઈન હોય તો તાલીમ વધુ લાંબી થઈ શકે છે. નેશનલ મેડિકલ કમિશન દ્વારા નવા નિયમો જાહેર કરવાનું આ પગલું ભારતમાં મેડિકલ પ્રેક્ટિસના ધોરણને ઊંચું રાખવા માટે લેવામાં આવ્યું છે. વિવિધ દેશોમાંથી અભ્યાસ કરીને પરત ફરેલા વિદ્યાર્થીઓએ એફએમજીઇ પાસ કર્યા બાદ આ ક્લાર્કશિપ પૂર્ણ કરીને જ રજીસ્ટ્રેશન મેળવી શકશે. નોંધનીય છે કે, આ નિયમ છ માર્ચ પહેલાના નોટિસને કારણે ઉભી થયેલી મૂંઝવણ અને વિરોધને ધ્યાનમાં રાખીને સુધારવામાં આવ્યો છે. તેમાં એફએમજીએસએ વિરોધ કર્યો હતો. હવે નેશનલ મેડિકલ કમિશનને રાહત આપી છે. જો વિદેશી યુનિવર્સિટી પ્રમાણિત કરે કે, ઓનલાઈન ભાગને વધારાના ફિઝિકલ ક્લાસ કોર્સની અવધી વધારીને અથવા ઈન્ટીગ્રેટેડ ઈન્ટરનરશીપ દ્વારા પૂર્ણ કરવામાં આવ્યો છે, તો ભારતમાં વધારાની તાલીમની જરૂર નહીં પડે આવા કિસ્સામાં યોગ્ય દસ્તાવેજો સબમીટ કરવા પડશે.